# જિલ્લાની પાંચ બેઠકો પર ૪૮ ઉમેદવારો : કઈ બેઠક પર કોણ - કોણ જંગમાં

### ● ૩૪ - દહેગામ

| ક્રમ | ઉમેદવારનું નામ | રાજકીય પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|
| ૧ | ચૌહાણ બલરાજસિંહ કલ્યાણસિંહ | ભારતીય જનતા પાર્ટી |
| ૨ | રાઠોડ કામીનીબા ભુપેન્દ્રસિંહ | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ |
| ૩ | સોનારા રમણલાલ ખનાભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| ૪ | અમીન વિનુભાઈ બહાદુરભાઈ | ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી |
| ૫ | ઠાકોર જેણાજી રૂમાલજી | ઈન્સાનિયત પાર્ટી |
| ૬ | મલેક અમજદહુસેન મન્સુરમીયાં | અપક્ષ |

### ● ૩૫ - ગાંધીનગર (દક્ષિણ)

| ક્રમ | ઉમેદવારનું નામ | રાજકીય પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|
| ૧ | ગોવિંદજી હીરાજી સોલંકી | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ |
| ૨ | જાદુગર ચતુરભાઈ પિયુષભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| ૩ | ઠાકોર શંભુજી ચેલાજી | ભારતીય જનતા પાર્ટી |
| ૪ | આચાર્ય કેયુર ચિમનભાઈ | બહુજન મુક્તિ પાર્ટી |
| ૫ | ગોહેલ અજીતસિંહ અર્જુનજી | લોક વિકાસ મંચ |
| ૬ | ચૌધરી સંજયકુમાર ચંદુભાઈ | શિવસેના |
| ૭ | પ્રદીપકુમાર ગોરખનાથ | સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી |
| ૮ | રાવલ કિરીટકુમાર નટવરલાલ | અપક્ષ |
| ૯ | શશિકાંત ફુસાભાઈ વણીકર | અપક્ષ |
| ૧૦ | સુરેશકુમાર ધનજીભાઈ શાસ્ત્રી | અપક્ષ |

### ● ૩૬ - ગાંધીનગર (ઉત્તર)

| ક્રમ | ઉમેદવારનું નામ | રાજકીય પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|
| ૧ | ચાવડા ચતુરસિંહ જવાનજી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| ૨ | નાયાણી રોહિત હબિબભાઈ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી |
| ૩ | પટેલ અશોકકુમાર રણછોડભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| ૪ | રાઠોડ ગોવિંદભાઈ મોહનભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| ૫ | કક્કડ અનિલ તુલસીદાસ | લોક વિકાસ મંચ |
| ૬ | પટેલ ગુણવંતકુમાર કેશવલાલ | આમ આદમી પાર્ટી |
| ૭ | વાળંદ ચંદુભાઈ આશારામ | સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી |
| ૮ | ગોસ્વામી અમિતભારતી મહેન્દ્રભારતી | અપક્ષ |
| ૯ | ડાભી રઘેજી બળદેવજી | અપક્ષ |
| ૧૦ | પરમાર પ્રતિકકુમાર ગુણવંતભાઈ | અપક્ષ |
| ૧૧ | પ્રજાપતિ રાજ ચંદ્રકાન્તભાઈ | અપક્ષ |
| ૧૨ | બહુગુના રશમીબેન ભક્તીભુશન | અપક્ષ |

### ● ૩૭-માણસા

| ક્રમ | ઉમેદવારનું નામ | રાજકીય પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|
| ૧ | અમિતભાઈ હરિસિંગભાઈ ચૌધરી | ભારતીય જનતા પાર્ટી |
| ૨ | પટેલ સુરેશકુમાર ચતુરદાસ | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ |
| ૩ | પરમાર મહેન્દ્રકુમાર મોહનભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| ૪ | ચાવડા વિજયસિંહ કરણસિંહ | અપક્ષ |
| ૫ | ઠાકોર બાબુજી જોઈતાજી | અપક્ષ |
| ૬ | ઠાકોર મહેશજી અરજણજી | અપક્ષ |
| ૭ | પટેલ ભાનુભાઈ કેશવલાલ | અપક્ષ |
| ૮ | પટેલ શૈલેષકુમાર સોમાભાઈ | અપક્ષ |
| ૯ | પરમાર નરેન્દ્રભાઈ મગનલાલ | અપક્ષ |
| ૧૦ | પરમાર પરષોત્તમભાઈ આત્મારામ | અપક્ષ |

### ● ૩૮-કલોલ

| ક્રમ | ઉમેદવારનું નામ | રાજકીય પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|
| ૧ | ડૉ. અતુલભાઈ કાળીદાસ પટેલ | ભારતીય જનતા પાર્ટી |
| ૨ | ઠાકોર કરશનજી મગનજી | એનસીપી |
| ૩ | ઠાકોર બળદેવજી ચંદુજી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| ૪ | ઉપાસક મહેન્દ્રશીલ સોમભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| ૫ | ઓઝા અજીતાબેન વિઠ્ઠલભાઈ | આપણી સરકાર પાર્ટી |
| ૬ | મકવાણા અનિલકુમાર સોમાભાઈ | અપક્ષ |
| ૭ | પટેલ રજનીકાન્ત અંબાલાલ(બચુભાઈ) | અપક્ષ |
| ૮ | વ્યાસ વિષ્ણુપ્રસાદ છોટાલાલ | અપક્ષ |
| ૯ | પટેલ સતીષકુમાર રમેશભાઈ | અપક્ષ |

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ગુરુજી... અમે એવું કહીએ કે પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત વખતે નાકે રૂમાલ નહીં રાખીએ... તો અમે ચૂંટણી જીતી જઈશું...??**



કોંગ્રેસનો જનસંપર્ક : ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડાએ પોતાના વિસ્તારમાં જનસંપર્ક અભિયાન આરંભ્યું હતું.

# તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ સેંધાજી ઠાકોર ભાજપમાં જોડાયા

### કોંગ્રેસમાંથી મેન્ડેટ મળશે તેવી આશાએ ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી ફોર્મ ભરી દીધું પણ મેન્ડેટ ગોવિંદજી ઠાકોરને આપતા નારાજ થયેલા સેંધાજીએ આખરે પક્ષ પલ્ટો કર્યો

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં મોટાભાગની બેઠકો ઉપર ઉમેદવાર પસંદગીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેમાં આંતરિક નારાજગી જોવા મળી છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક પર તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ સેંધાજી ઠાકોરે તેમને જ મેન્ડેટ મળશે તેવી ખાતરીને આધારે ગાંધીનગર દક્ષિણમાંથી ફોર્મ તો ભરી દીધું હતું પરંતુ આખરે મેન્ડેટ ગોવિંદજી ઠાકોરને મળતા રોષ ભભુકયો છે. આખરે તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાઈ જઈને પક્ષ પલ્ટો કરવાનો નિર્ણય લેતા દક્ષિણની બેઠક માટે રસાકસીભર્યો માહોલ બની ગયો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કોંગ્રેસના અગ્રણી સેંધાજી ઠાકોરે આજે કોંગ્રેસને પંજો મારીને કેસરીયો ધારણ કરતા રાજકીય માહોલ આ બેઠક પર વિશેષ ગરમાયો છે. સેંધાજી ઠાકોરને હાઈકમાન્ડ ગાંધીનગર ઉત્તર બેઠક માટે મેન્ડેટ આવશે તેવી ખાતરી અને ઠાકોરને મેન્ડેટ આપતા રોષે ભરાયેલા સેંધાજીએ પક્ષ સાથે છેડો ફાડવાનો નિર્ણય લઈ લીધો છે. આજે સેંધાજી પક્ષ પલ્ટાનો નિર્ણય લઈને




આશાએ સેંધાજીએ ગાંધીનગર દક્ષિણ બેઠક ઉપરથી ફોર્મ પણ ભરી દીધું હતું. પરંતુ કોંગ્રેસ હાઈકમાન્ડે ગાંધીનગર દક્ષિણ બેઠક માટે ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ગોવિંદજી કોંગ્રેસનો ખેસ ઉતારી ભાજપમાં જોડાઈ ગયા છે. ગોવિંદજી ઠાકોરના કોમ્યુનીટી બેઝડ વોટસ તેમની ધારણા કરતા ઘટી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

# શહેરમાં રાજકીય પાર્ટીઓના કાર્યાલયો મોડીરાત સુધી ધમધમે છે

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં ચુંટણીના બ્યુગલ વાગી ચુંકયા છે. ચુંટણીના પ્રચારો જોરશોરથી શરુ થઈ ગયા છે. ગાંધીનગર શહેરમાં પણ ૧૨ ઉમેદવારો વચ્ચે કશમકશનો જંગ જામી રહ્યો છે. અત્યારે જિલ્લામાં વિવિધ રાજકીય પાર્ટીના કુલ ૪૮ ઉમેદવારો મેદાનમાં છે. ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે ડોર ટુ ડોર પ્રચાર શરુ કર્યો છે. આગામી સમયમાં શહેરમાં અનેક જાહેર સભાઓ તેમજ સ્ટાર પ્રચારકો પધારી મતદારોના ઘર સુધી જશે. મતદારો સૌથી વધુ મતદાન કરે તે દિશામાં રાજકીય પક્ષોએ પ્રયત્નો હાથ ધર્યા છે. ત્યારે રાજયમાં સૌથી વધુ ઠંડી ગાંધીનગરમાં પડી રહી છે તેમ છતા પાટનગરમાં રાત્રીએ રાજકીય ગરમાવો જામે છે. ભાજપ-કોંગ્રેસ, બસપા, જનવિકલ્પ, એનસીપી સહિત પાર્ટીઓના કાર્યાલયો રાત્રી દરમિયાન ધમધમે છે. ઉમેદવારોના મધ્યસ્થ કાર્યાલય ખાતે કાર્યકરોનો તેમજ મોટાગજાના રાજકારણીઓ અડીંગા જમાવીને બેઠા હોય છે. તેમજ દિવસ દરમિયાન કરેલી કામગીરીની નોંધ પણ રાખે છે. જયારે કાર્યકરો રાજનીતીના આટાપાટા વચ્ચે મતદારોના મન જીવતા પ્રયાસ કરી રહ્યા છે.

કાર્યાલય ખાતે ચા-પાણી અને રોજ નિતનવા નાસ્તાની જયાફત ઉડે છે. રાજકીય અગ્રણીઓ કાર્યકરોને બેસાડીને આગામી દિવસની રણનિતી શીખવાડે છે તેમજ કાર્યક્રમો નક્કી કરવામાં આવે છે. રાજકીય ઉમેદવારો સોશ્યલ મિડીયામાં પણ સક્રીય થઈ ગયા છે. પ્રચાર-પ્રસાર કરતા ફોટા તેમજ લાઈવ વિડીયો ફેસબુક પર અપલોડ કરીને મતદારો સુધી પહોંચવા પ્રયાસ કરી રહ્યા છે. ગાંધીનગર ઉતર બેઠક માટે પણ ૧૨ દાવેદાર રહ્યા છે ત્યારે આગામી સમયમાં ચુંટણી પ્રચારની સાથે સાથે વિવિધ રેલીઓ, સરઘસ, અને શકિત પ્રદર્શનથી પાટનગર ગુંજી ઉઠશે.

## ઘ-૧ વગડાવાળી માતાજીના મંદિરે કાનૂની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા આગામી તા. ૨-૧૨-૧૭ ને શનિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં શહેરના સૌ નગરજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

આ શિબિર સેકટર-૩ એ ઘ-૧ પાસે આવેલ ચેહર માતાની મંદિર પાસે યોજવામાં આવશે. જેમાં સિનિયર સિટીઝનો માટે તેમજ મહિલાઓ માટે અને બાળકોને લગતા કાનૂની માર્ગદર્શન આપવામાં આવશે. ત્યાં આ અંગેના વિવિધ કાયદાઓ અંગે માહિતી આપવામાં આવશે. આ શિબિરમાં પીએલવી જયરામ ભાઈ સોની તથા દિનેશભાઈ દવે દ્વારા વિગતવાર કાનૂન અંગે જાણકારી આપવામાં આવશે. તો આ શિબિરમાં સૌ નગરજનોને લાભ લેવા દિનેશભાઈ દવેએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં જનરલ નિરીક્ષકશ્રીઓની રાજકીય પક્ષો સાથે યોજાયેલ બેઠક

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીઓ અંગે ભારતના ચૂંટણી પંચે નિયુક્ત કરેલા ત્રણ જનરલ ઓબ્ઝર્વરશ્રી પાંડુરંગા બોમ્મહા નાઈક, શ્રી મનોજકુમાર શર્મા, શ્રી અરૂણ બી.અન્હલે તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા બહાર પાડેલા ચૂંટણીલક્ષી વિવિધ જાહેરનામાઓનું ઉમેદવારો દ્વારા પાલન થાય અને ખર્ચ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી ઉમેદવારોએ ખર્ચ રજિસ્ટરની નિયમોનુસાર નિભાવણી કરવા જણાવ્યું હતું. રેલી અને સભાઓ અંગે બેલેટથી મતદાન કરવા મતદાનના બે દિવસ પહેલા ઈ-બેલેટ મોકલવામાં આવશે. આગામી તારીખ ૭ સુધીમાં સમગ્ર જિલ્લામાં મતદારોને વોટર્સ સ્લીપ અને વોટર્સ ગાઈડ પહોંચાડવામાં આવશે. તમામ મતદારોને આ વોટર્સ સ્લીપ દ્વારા સબંધીત મતદાન મથક



નિરીક્ષકશ્રી અવ્યુલા રમેશ રેડ્ડીએ રાજકીય પક્ષો સાથે બેઠક યોજી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સતીષ પટેલ, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લાના ચૂંટણી ખર્ચના ચીફ નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવાંગ દેસાઈની ઉપસ્થિતીમાં યોજાયેલ બેઠકમાં જિલ્લા માંગવાની થતી વિવિધ પરવાનગીઓ ૪૮ કલાક પહેલા માંગવી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સતીષ પટેલે જણાવ્યું હતું કે અંદાજે ૧૫૦૦૦ પોસ્ટલ બેલેટ પેપરની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય અને રાજ્ય બહાર ફરજ બજાવતા કર્મચારી અને લોકો માટે ૧૯૬ જેટલા સર્વિસ મતદારો માટે ડિજીટલ પોસ્ટલ સ્થળ અંગે નકશા દ્વારા જાણકારી મળી રહેશે. ઈવીએમ મશીનોનું બીજું રેન્ડમાઈઝેશન તારીખ ૧લી ડિસેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યે થશે. જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે જિલ્લામાં કાયદો વ્યવસ્થા અંગે કોઈ સમસ્યા નથી, તમામ ઉમેદવારો તરફથી સારો સહકાર મળ્યો છે.

## ૧૪મી ડિસેમ્બર મતદાનના દિવસે ગુજરાત હાઈકોર્ટમાં રજા જાહેર

રાજયમાં બે તબક્કામાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. બન્ને દિવસો દરમિયાન અધિકારી-કર્મચારીઓ મતદાનનો ઉપયોગ કરી શકે તે માટે રાજ્ય સરકારે જે તે જિલ્લામાં મતદાનના દિવસે રજા જાહેર કરી છે. તદ્અનુસાર ૧૪મી ડિસેમ્બર-૨૦૧૭ના રોજ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા પણ ગુજરાત હાઈકોર્ટમાં રજા જાહેર કરાઈ છે, એમ હાઈકોર્ટના રજીસ્ટ્રારશ્રીની યાદીમાં જણાવાયું છે.



માઈક્રો શોપીંગ નિર્માણ : સેક્ટર-૨૮ બગીચાના પાછળના ભાગે માઈક્રો શોપીંગ તૈયાર થઈ રહ્યું છે. લારી - ગલ્લાના ધારકોને વિકલ્પ આપવા માઈક્રો શોપીંગનું આયોજન કરાયું છે.

# ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ૧૦૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં ચુંટણી માહોલ બરાબરનો જામ્યો છે. પ્રથમ અને બીજા તબક્કાની ચુંટણી માટે ઉમેદવારો વચ્ચે કશમકશનો જંગ જામેલો છે. ત્યારે ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાના ૧૦૦ ઉમેદવાર ચુંટણીના મેદાને જંગમાં ઉતાર્યા છે. જેમાં પ્રથમ તબક્કામાં વિવિધ બેઠકો પર ૪૮ ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે. જયારે બીજા તબક્કામાં ૫૨ ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે.તેમ ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ સમીર ત્રિવેદીએ જણાવ્યું છે. જયારે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોમાંથી માત્ર ગાંધીનગર ઉતર બેઠક પર જ ઓલ ઈન્ડીયા હિદુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર ચુંટણી લડી રહ્યા છે.

ગુજરાત રાજયમાં ચુંટણીની ચર્ચાઓ ચારેબાજુ ચાલી રહી છે. વિવિધ રાજકીય પાર્ટીના હજારથી વધુ ઉમેદવારો વચ્ચે ચુંટણીનો પ્રચાર-પડઘમ શરુ થઈ ગયો છે. રાજયમાં પ્રથમ તબક્કાની ચુંટણીના મતદાન માટે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજયભરમાં ચુંટણીના જંગમાં ઉભેલા ઉમેદવારોને વિવિધ આંદોલનો તેમજ પ્રજાના પડતર પ્રશ્નો કોરી ખાય છે. ત્યારે જન વિકલ્પ પાર્ટી અને ઘટક પક્ષ ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ૪૮ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. તો બીજી તરફ બીજા તબકકાની ચુંટણી માટે ૫૨ ઉમેદવારો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાની વિવિધ બેઠકો પર કુલ ૪૮ ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે.

આજે ઉમેદવારી પત્ર ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ત્યારે આગામી સમયમાં ઉમેદવારોની રેલી, સભાઓ તેમજ ખાટલા પરિષદો સહિત રાત્રી બેઠકો યોજાશે. ત્યારે ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી પણ પોતાના તમામ ઉમેદવારો અને કાર્યકરો સાથે મળીને પોતાના ઉમેદવારોને જીતાડવા માટે ખભે થી ખભે મીલાવી કામ કરી રહ્યા છે.

## ભારત સ્કાઉટ ગાઈડ સંઘની જિલ્લા કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી બેઠક તા. ૨૮મી નવેમ્બરે સહયોગ સંકુલ ખાતેના સંઘના કાર્યાલય પર યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લારેલીના આયોજન સહિત વિવિધ મુદ્દે ચર્ચા હાથ ધરી નિર્ણયો કરાયા હતા.

સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિને જિલ્લાની તમામ શાળાઓમાં શરૂ કરવા, રાજ્યપાલ પુરસ્કાર માટે સ્કાઉટ ગાઈડને માર્ગદર્શિત કરી તે માટે વધુ ને વધુ વિદ્યાર્થીઓ પાસ થાય તે હેતુથી પૂર્વ તાલીમ કેમ્પનું આયોજન કરવું તથા શિસ્ત સંયમ અને ચારિત્ર્ય ઘડતરની આ પ્રવૃત્તિમાં સમાજમાંથી રસ લેતા થાય તે માટે યુવકો-વડિલોને સંઘના આજીવન સભ્યો બનાવવા સહિતના નિર્ણયો સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી બેઠકમાં લેવામાં આવ્યા હતા. આ સાથે સંઘને પડુસ્માની અભિનવ પ્રાથમિક શાળા તરફથી જિલ્લા રેલી માટે મળેલા આમંત્રણ અંતર્ગત તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન યોજવાનું ઠરાવવા સાથે આ કાર્યક્રમમાં જિલ્લાની વધુને વધુ શાળાઓને જોડવા નિર્ણય લેવાયો હતો.



**જન વિકલ્પ પાર્ટીના ઉમેદવારની બાઈક રેલી યોજાઈ**

ગાંધીનગર શહેરમાં ૧૨ ઉમેદવારો વચ્ચે કશમકશનો જંગ જામ્યો છે. ઉમેદવારો મતદારોને રીઝવવા માટે ઘરે ઘરે ફરી રહ્યા છે. ત્યારે આજે જન વિકલ્પ મોરચાના ઉમેદવાર અને શહેરના નામાંકિત એડવોકેટ કરણસિંહ વાઘેલાએ બપોરે ૩ કલાકે સેકટર-૨૬ થી બાઈક રેલી યોજી હતી. જેમાં મોટીસંખ્યામાં યુવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ બાઈક રેલી શહેરના વિવિધ સેકટરોમાં ફરીને મતદારોને મળી હતી. બાપુના નિવાસ સ્થાન વસંત વગડે રેલીનું સમાપન થયું હતું.